# Official Spokesperson's response to a media query about Chinese MFA spokesperson's comments on the recent visit of Hon'ble Vice-President of India to Arunachal Pradesh

October 13, 2021

# ભારતના માનનીય ઉપરાષ્ટ્રપતિની તાજેતરની અરુણાચલ પ્રદેશની મુલાકાત અંગે ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાની ટિપ્પણી અંગે મીડિયાના પ્રશ્નો પર સત્તાવાર પ્રવક્તાનો જવાબ

ઓક્ટોબર 13, 2021

**ભારતના માનનીય ઉપરાષ્ટ્રપતિએ તાજેતરમાં અરુણાચલ પ્રદેશની મુલાકાત લીધી હતી, તે વિશે ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાની ટિપ્પણી અંગે મીડિયાના પ્રશ્નો પર જવાબ આપતા સત્તાવાર પ્રવક્તા શ્રી અરિંદમ બાગચીએ જણાવ્યું :**

"ચીનના સત્તાવાર પ્રવક્તાએ આજે કરેલી ટિપ્પણીની અમે નોંધ લીધી છે. અમે આવી ટિપ્પણીને નકારી કાઢીએ છીએ. અરુણાચલ પ્રદેશ એ ભારતનો અભિન્ન અને અલગ ન કરી શકાય તેવો ભાગ છે. ભારતીય નેતાઓ ભારતના બીજા રાજ્યોની જેમ અરુણાચલ પ્રદેશ રાજ્યની પણ નિયમિત મુલાકાત લેતા હોય છે. ભારતના નેતાઓ ભારતના રાજ્યની મુલાકાત લે તેની સામે વાંધો ઉઠાવવો એ ભારતના લોકોના તર્ક અને સમજણ સામે ક્યાંય ટકતો નથી. આ ઉપરાંત અમે અગાઉ ઉલ્લેખ કર્યો છે કે ચીન દ્વારા દ્વિપક્ષીય કરારોનો ભંગ કરીને યથાવત સ્થિતિનો ભંગ કરવાના પ્રયાસોના કારણે ભારત-ચીન સરહદી વિસ્તારમાં વેસ્ટર્ન સેક્ટરમાં એલએસી પર હાલની પરિસ્થિતિ પેદા થઈ છે. તેથી અમે અપેક્ષા રાખીએ છીએ કે અસંલગ્ન મુદ્દા ઉઠાવવાના બદલે ચીન દ્વિપક્ષીય કરારોનું સંપૂર્ણ પાલન કરીને અને પ્રોટોકોલનું પાલન કરીને પૂર્વ લડાખમાં એલએસી પર બાકીના મુદ્દાઓના વહેલાસર ઉકેલ માટે ચીન કામ કરશે.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 13, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.